# CCSA પરિવારો માટે મહત્વની માહિતી શેર કરે છે

## 2021 Child Tax Credit હવે ઉપલબ્ધ છે

## ખાતરી કરો કે તમે આ ભંડોળ તમારા બાળકો માટે મેળવી શકો છો!

યુનાઈટેડ સ્ટેટ્સમાં મોટાભાગના બાળકો અને પરિવારોને મદદ કરવા માટે, 2021 Child Tax Credit તૈયાર છે. ટૅક્સ ક્રેડિટ 15 મી જુલાઈ, 2021 અને 15 ડિસેમ્બર, 2021 ની વચ્ચે માસિક ચૂકવણી કરે છે, **જેમાં અંતિમ સામટી રકમ આગામી વર્ષે કરવેરા સમયે આપવામાં આવશે.** જે પરિવારોની આવક મહત્તમ મર્યાદા કરતાં વધારે નથી અને જેમણે 2019 અથવા 2020 માં ટૅક્સ ભર્યો છે તેમને ટૅક્સ ક્રેડિટ મેળવવા માટે કંઈ કરવાની જરૂર નથી. **જે પરિવારોએ 2020 માં કર ભર્યો ન હતો, અથવા સ્ટિમ્યુલસ ચેક મેળવ્યા ન હતા, તેઓએ Child Tax Credit મેળવવા માટે અરજી કરવાની રહેશે.**

### તે કેવી રીતે કાર્ય કરે છે

- ઈન્ટરનલ રેવન્યુ સર્વિસ (IRS) 15 જુલાઈ, 2021 થી આવક મુજબ લાયક, કર-ભરનાર પરિવારોના બેંક ખાતામાં માસિક ચેક જમા કરાવવાનું અથવા મેઈલ કરવાનું શરૂ કરશે.
- **બાળક દીઠ માસિક ચેક** 6 થી 17 વર્ષની વયના દરેક બાળક માટે $250, અથવા 6 વર્ષથી ઓછી ઉંમરના દરેક બાળક માટે $300 છે.
- આવતા વર્ષે ટૅક્સ ભરતી વખતે પરિવારોને અંતિમ ચુકવણી મોકલવામાં આવશે. **6 થી 17 ની વચ્ચેના દરેક બાળક માટે કુલ ચૂકવણી $3,000 અને 6 વર્ષથી ઓછી ઉંમરના દરેક બાળક માટે $3,600 હશે.**
- જે પરિવારોએ ઓછા વેતનને કારણે 2019 અથવા 2020 માં આવકવેરો ફાઈલ કર્યો ન હોય **તેઓ** ટૅક્સ ક્રેડિટ માટે પાત્ર છે.
- ફાઈલ ના કરનાર પરિવારો (એવા પરિવારો કે જેમણે છેલ્લા બે વર્ષમાં ટૅક્સ ભર્યો નથી) નૉન-ફાઈલર સાઈન અપ ટૂલદ્વારા ટૅક્સ ક્રેડિટ માટે અરજી કરી શકે છે.
- નોંધ: જો તમને 2020 માં ઈકોનોમિક ઈમ્પેક્ટ પેમેન્ટ્સ (મોટા ભાગે સ્ટિમ્યુલસ ફંડ્સ તરીકે ઓળખાય છે) મળ્યું હોય, તો તેમને આ પોર્ટલમાં સાઈન અપ કરવાની જરૂર નથી.
- Child Tax Creditની ચુકવણી પ્રાપ્ત કરવી **એ** કોઈપણ પરિવારની આવક ગણવામાં આવતી નથી. **તેથી, કોઈપણ અન્ય ફેડરલ લાભની રકમ (SNAP, WIC, SSI, SSDI, TANF, મૅડિકેડ, સૅક્શન 8 અથવા સાર્વજનિક આવાસ) બદલાશે નહીં!**
- **પરિવાર કોઈપણ સમયે સાઈન અપ કરી શકે છે.**

**તમારે શું શરૂ કરવાની આવશ્યકતા છે**

✓ તમારું નામ, જે રીતે તમારા સામાજિક સુરક્ષા કાર્ડ પર દેખાય છે, બરોબર તે જ રીતે.

✓ IRS દ્વારા તમારા માટે, તમારા જીવનસાથી, જો લાગુ પડતું હોય તો, અને કોઈપણ તમે દાવો કરતા હોય તેવા બાળકો માટે, તેમનો સામાજિક સુરક્ષા નંબર (ઓ) અથવા અન્ય કરદાતા ઓળખ નંબર.

✓ નૉન-ફાઈલર્સ સાઈન-અપ ટૂલ પર તમારું એકાઉન્ટ બનાવવામાં મદદ થાય એ માટે એક ઈમેઇલ એડ્રેસ. (શું ઈમેઇલ એડ્રેસ નથી? તમારા સ્થાનિક CCR&R અથવા હાઉસિંગ પ્રોગ્રામમાંથી મફત ઈમેઇલ એડ્રેસ બનાવવા માટે મદદ માંગો.)

✓ એક વિશ્વસનીય મેઈલિંગ એડ્રેસ કે જેમાં તમને ચુકવણી પ્રાપ્ત થઈ અને IRS ને તમારી ચૂકવણી સંબંધિત તમને જે કાંઈ મેઈલ કરવાની આવશ્યકતા હોઈ શકે છે, તે મેળવી શકો. તમે મિત્ર, સંબંધી અથવા વિશ્વસનીય સંસ્થા (દા.ત. આશ્રયસ્થાન, અથવા ટ્રાંઝિશનલ આવાસ કાર્યક્રમ) નું સરનામું આપી શકો છો.

✓ અથવા, જોતમારી પાસે બેંક ખાતું હોય, તો તમારા ખાતા નંબર સાથે બેંકનો 9-અંકનો રૂટીંગ નંબર તૈયાર રાખો.

**અરજી કરવા માટે**

- નૉન-ફાઈલર સાઈન અપ ટૂલનો ઉપયોગ કરવા માટે તમારી લાયકાતની પુષ્ટિ કરો:
    - તમારું બાળક 2021 પહેલાં જન્મેલું હોઈ કે જેની ઉંમર 17 વર્ષ કે તેનાથી ઓછી હોય
    - તમારે 2020 નું ટૅક્સ રિટર્ન ભરવાની જરૂર ન હતી, ફાઈલ કરી ન હતી અને રિટર્ન ફાઈલ કરવાનું વિચારતા ના હોય; અને
    - સંયુક્ત રાષ્ટ્ર અમેરિકા (50 રાજ્યો અને કોલંબિયા જિલ્લા) માં તમારું મુખ્ય ઘર છેલ્લા વર્ષના અડધાથી વધુ સમયથી છે. ઘર કોઈ પણ સ્થાને હોઈ શકે છે કે જ્યાં તમે નિયમિતપણે રહેતા હોય અને કરપાત્ર વર્ષ દરમિયાન તે એક જ જગ્યાએ હોવું જરૂરી નથી. તે ઘર, ઍપાર્ટમેન્ટ, મોબાઈલ ઘર, આશ્રયસ્થાન, કામચલાઉ રહેઠાણ અથવા અન્ય સ્થાન હોઈ શકે છે. **આ ચૂકવણી મેળવવા માટે વ્યક્તિને કોઈ કાયમી સરનામાની જરૂર નથી.** ઉપરાંત, જો માંદગી, શિક્ષણ, વ્યવસાય, વૅકેશન અથવા લશ્કરી સેવાને કારણે કામચલાઉ ધોરણે ઘરથી દૂર હોવ, તો તમને સામાન્ય રીતે મુખ્ય ઘરમાં વસવાટ કરનાર તરીકે માનવામાં આવે છે.
- આ લિંકનો ઉપયોગ કરીને નૉન-ફાઈલર સાઈન અપ ટૂલ માટે એકાઉન્ટ બનાવો, અથવા લૅપટોપ અથવા ડૅસ્કટોપ કમ્પ્યુટરથી આ વેબસાઈટ પર જાઓ: https://www.freefilefillableforms.com/#/fd/childtaxcredit.
- IRS માંથી આ સૂચનાઓનું પગલાવાર પાલન કરો
- તમારા ઘણા પ્રશ્નોના જવાબો માટે આ Child Tax Credit નૉન-ફાઈલર સાઈન-અપ ટૂલ FAQ નો ઉપયોગ કરો.

- એકવાર તમે એકાઉન્ટ બનાવી લો, પછી ટૅક્સ ક્રેડિટ માટે અરજી કરવા આગળનાં પગલાંને અનુસરીને ઈમેઇલ શોધો.
- કોઈપણ અપડેટ્સ અથવા તમારે આગળ પગલાં લેવા માટે દરરોજ તમારો ઈમેઇલ તપાસો. તે ઈમેઇલ તમારી માહિતીના પ્રાથમિક સ્રોત હશે.
- વધુ માહિતી માટે  ની મુલાકાત www.childtaxcredit.gov લો.
- જો તમને અરજી કરવા માટે કોઈ મદદની જરૂર હોય તો સોશિયલ મીડિયા પોસ્ટ્સ જુઓ અથવા સ્થાનિક સંસ્થાઓને પૂછો કે શું તેઓ કોઈ ઈવેન્ટ્સનું આયોજન કરે છે.
- તમારા આવનારા ચેકની જાણકારી માટે જુલાઈ અને ડિસેમ્બરની વચ્ચે દરેક મહિનાની 15મી તારીખ પછી મેઈલ (અથવા તમારું બેંક એકાઉન્ટ) જુઓ!

## વધુ માહિતી માટે

https://www.whitehouse.gov/child-tax-credit/